## તિથલ બીચ સહેલાણીઓથી ઉભરાયો



■ દિવાળી વેકેશનને પગલે વલસાડના તિથલ બીચ ઉપર સહેલાણીઓ ફરવા માટે ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં પર્યટકો આવતા તિથલ બીચ ઉપર સહેલાણીઓથી ઉભરાયો હતો. દક્ષિણ ગુજરાતની સાથે મોટી સંખ્યામાં સહેલાણીઓ બીચ ઉપર સહેલાણીઓ ફરવા માટે ઉમટી પડ્યા હતા.

# દિવાળી વેકેશનમાં ઘર બંધ કરી જાઓ તો આટલું ધ્યાન રાખજો

**વેકેશનમાં** બંધ ઘરમાં ચોરીની અનેક શક્યતાઓ રહેલી હોય પોલીસે અનેક સૂચનો કર્યા

**ઘરમાં** સિક્યુરીટી સિસ્ટમ લગાવવાનું વલસાડ પોલીસનું સુચન

વલસાડ : વલસાડમાં દિવાળી વેકેશન દરમિયાન ઘર બંધ કરીને પ્રવાસે ઉપડી જતાં લોકોના બંધ ઘરમાં ચોરીના બનાવો વર્ષોથી બનતા રહ્યા છે. જેના માટે તકેદારી રાખવી જરૂરી બની છે. પોલીસ દ્વારા દર વર્ષે આવી ઘરફોડ ચોરી અટકાવવા માટે અનેક સૂચનો કરાતા હોય છે. જેમાં ખાસ કરીને ઘરમાં સિક્યુરીટી સિસ્ટમ લગાવવાનું પોલીસ જણાવી રહી છે.

વલસાડમાં દુકાનો કે હોટેલોમાં સિક્યુરિટી કેમેરા ફરજિયાત કરાયા છે, પરંતુ મોટી મોટી સોસાયટીના કેટલાક બંગલામાં સિક્યુરિટી કેમેરા રહેતા નથી. ત્યારે વેકેશનમાં ઘર બંધ કરીને ક્યાંક ફરવા જતા પહેલાં ઘરમાં સિક્યુરિટી કેમેરા લગાવવાનું સૂચન પોલીસ કરી રહી છે. સિક્યુરિટી કેમેરાથી ઘરની લાખો કરોડોની મિલકત સામે રક્ષણ મેળવી શકાય છે. આ સિવાય શક્ય હોય તો સોસાયટીમાં વોચમેન પણ રાખવાનું સૂચન તેમણે કર્યું છે. અનેક મોટા મોટા બંગલા ધરાવતી સોસાયટીમાં વોચમેન રહેતો નથી. જેના કારણે આવી બંધ સોસાયટીમાં ચોરટાઓને ચોરી કરવા મોકળું મેદાન મળતું હોય છે. ચોરટાઓ આવી સોસાયટીમાં બંધ ઘરોને ટાર્ગેટ બનાવી પલાયન થઈ જતા હોય છે.

### ઘર બહારની લાઇટ ચાલુ રાખી

પોલીસ દ્વારા રાત્રી દરમિયાન સોસાયટીમાં લાઇટ ચાલુ રાખવાનું પણ જણાવાયું છે. જો સોસાયટીની લાઇટ ન હોય તો બંગલા કે ઘરની બહારની લાઇટ ચાલુ રાખવી જરૂરી બની છે. જો આ લાઇટ ચાલુ હોય તો ચોર આવતા ડરે છે. બંધ લાઇટમાં ચોરને ચોરી કરવાનું સરળ બનતું હોય છે. ત્યારે જો વેકેશનમાં ઘર બંધ કરીને કશેક જાઓ તો ઘર બહારની લાઇટ ચાલુ રાખી શકો છો. અથવા તેને ચાલુ કરવા અડોશ પડોશના લોકોને જણાવી શકો છે. તેમજ જ્યારે પણ ઘર બંધ કરીને જાઓ ત્યારે તેનો ઢંઢેરો પીટીને જવું જોઇએ નહીં. ઘરમાં છૂટક કામ કરવા આવતા લોકોને તમે જવાના હોવ તેની જાણ હોવી જોઇએ નહી. જો તેમને જાણ થાય તો બંધ ઘરની વાત બહાર પડી શકે છે અને તેનાથી ચોરી થવાનો અનેક ચાન્સ પણ વધી શકે છે. વલસાડમાં વેકેશનમાં ઘરફોડ ચોરી અટકાવવા પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલિંગ થતું જ રહેતું હોય છે, પરંતુ આટલા મોટા વલસાડમાં તમામ સ્થળોએ પહોંચવું પોલીસ માટે પણ મુશ્કેલ બનતું હોય છે. જેના કારણે લોકોએ પણ પોતાની મિલકતની તકેદારી રાખવી જરૂરી બની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### આંબાતલાટ ગામની વૃદ્ધાનું દીપડાના હુમલામાં મોત નિપજતા પરિવારને સહાય અપાઇ

વલસાડ : ધરમપુરના અંબાતલાટ ગામની નવીન કાલઘા ચૌધરીની માતા સોનાઈ ચૌધરી (ઉંવ.67) ગત 2 નવેમ્બરે પોતાના ઘરના ઓટલા ઉપર સુતા હતા. તે સમયે દીપડાએ તેમની ઉપર હુમલો કરી જંગલ વિસ્તારમાં લઈ જઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. પરિવારની ભારે શોધખોળ બાદ તેમનો મૃતદેહ ધડ અને માથું અલગ અલગ જગ્યાએથી મળી આવ્યા હતા. જોકે વન વિભાગે ભારે શોધખોળ બાદ દીપડાને પાંજરે પૂર્યો હતો. ઘટનાની માહિતી મળતાં જ પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય અરવિંદ પટેલ સાથે આંબાતલાટ પહોંચી પરિવારને મળી સાંત્વના વ્યક્ત કરી તેમને જરૂરી આર્થિક સહાય તાત્કાલિક મળે તેવું આશ્વાસન પણ આપ્યું હતું. ધારાસભ્ય અરવિંદ પટેલે પણ વહીવટીતંત્ર દ્વારા નવસારી, ડાંગ અને વલસાડ વન વિભાગની ટીમે 24 કલાકમાં જ દીપડાને પાંજરે પૂર્યો હોવાની કામગીરીને બિરદાવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ મનહર પટેલ સહિત પદાધિકારીઓ અને વન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### સંજાણમાં પરિણીતાના આપઘાત કેસમાં સાસુના જામીન નામંજૂર

વાપી : મહારાષ્ટ્રમાં રહેતા પરિવારની દીકરી કોમલબેનના લગ્ન કિરણ પોપટ સૂર્યવંશી સાથે વર્ષ 2018 માં થયા હતાં. કિરણ આંધ્રપ્રદેશમાં સોનીનું કામ કરતો હતો ત્યાં તેને ધંધામાં ખોટ જતા તેણે તથા તેની માતા મંગલબેને કોમલના માતા-પિતા પાસે રૂપિયા 3 લાખ દહેજની માંગણી કરી હતી. કોમલબેનના માતા-પિતાએ આર્થિક સ્થિત સારી ન હોવા છતાં રૂપિયા 50 હજાર આપ્યા હતા. તે પછી દિકરી-જમાઈ અને સાસુ ઉમરગામના સંજાણ ગામે કમલા પાર્કમાં આવી રહેવા લાગ્યા હતા. લગ્નગાળા દરમિયાન કોમલને બે દિકરી હોય તે નાની હોવા છતાં જમાઈ અને સાસુ તેને પિયરથી રૂપિયા લાવવા ત્રાસ આપતા હતાં. ત્યારબાદ કોમલે ગત તા.2-9-2024 ના રોજ ઘરમાં છતના હુંકમાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ મૃતકના પિતા અર્જુન સાવંતે ઉમરગામ પોલીસ મથકે જમાઈ કિરણ અને સાસુ મંગલબેન સામે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે કિરણ અને મંગલબેનની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ જામીન ઉપર મુક્ત થવા સાસુ મંગલબેને વાપીના શ્રીજી એડિશનલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા સરકારી વકીલ રાકેશ ચાંપાનેરિયાએ ધારદાર દલીલો રજૂ કરી હતી, જેને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશ પુષ્પા સૈનીએ સાસુના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

### ખેરગામમાં લાભ પાંચમ નિમિત્તે સમૂહ સત્યનારાયણની કથા

ખેરગામ : ખેરગામના પોમાપાળ ફળિયા ખાતે લાભ પાંચમ નિમિત્તે સમૂહ સત્ય નારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 23 યુગલએ સમૂહ સત્યનારાયણની કથામાં ભાગ લીધો હતો. ગુણવંત મહારાજે વૈદિક મંત્રોચાર સાથે સત્યનારાયણની કથામાં પૂજન અર્ચન આરતી કરાવી હતી. ત્યારબાદ મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોમાપાળ ફળિયામાં એકતા અને શાંતિ રહે એવા હેતુથી દર વર્ષે સમૂહ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવતું હોય છે. બાગુલ પટેલ, અરવિંદ પટેલ, રાકેશ પટેલ, ગણેશ પટેલ, કમલેશ, પ્રવીણ, દીપેશ તેમજ ગૌરાંગ સહિતના અગ્રણીઓએ સમૂહ સત્યનારાયણ કથાનું સફળ આયોજન પાર પાડ્યું હતું.



### બીલીમોરા કોળી પટેલ સમાજે તેજસ્વી તારલાનું સન્માન કર્યું



બીલીમોરા : બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજ દ્વારા બુધવારે સવારે ૨૮'મો પારીતોષિક સમારંભ યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૪ ના ૭૯ તેજસ્વી તારલાઓ અને ૧૧ વિશિષ્ટ સિદ્ધિ વીરોનું શાલ અને પ્રમાણપત્રથી યાદગાર સન્માન કરાયું હતું. બીલીમોરા સ્થિત સમાજ ભવન હોલમાં બુધવારે પ્રમુખ રમણભાઈ પટેલે સૌને આવકાર્યા હતા. સમારોહના પ્રમુખ શિક્ષણવિદ પિયુષભાઈ ભટ્ટ તથા અતિથિ વિશેષ સમાજના ભવનના દાતા પુત્ર ડો.નટુભાઈ પટેલ કેસલી (યુ.એસ.એ) ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટી દિવ્યેશ પટેલે તેમનું સ્વાગત કર્યા બાદ ડો.નટુભાઈએ ખેડૂતના પુત્ર તરીકે કેમ ડોક્ટર બની ગયા અને વિદેશમાં રહી સમાજ માટે ઉપયોગી કેમ થઈ શકાય તે જણાવ્યું હતું. શિક્ષણ સમિતિના કન્વીનર ધીરજભાઈ પટેલે તેજસ્વી તારલાઓની સન્માનની વિગત આપી હતી. પરેશ પટેલનુ સમાજના ઉધોગપતિ અને ડી. લાયસન્સ ગવર્નર તરીકે વિશિષ્ટ સન્માન કરાયું હતું. વિવિધ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા ૧૧ તથા મેડીકલ, એન્જિનિયર, એમએસસી, બીએસસી, બીએડ તથા એચએસસી તથા એસએસસીમાં ૮૫ ટકા કે તેથી વધુ માર્ક્સની ઝળહળતી સિદ્ધિધારી ૭૯ તારલાઓનું સમાજશ્રેષ્ઠીઓનાં હસ્તે બહુમાન કરાયું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી નાનુભાઈ પટેલ, દિવ્યેશ પટેલ, રણછોડભાઈ પટેલ, હિના પટેલ, શૈલેષ પટેલ, તથા કન્વીનર જેસી પટેલ, સુમંતરાય પટેલ, ધીરૂભાઈ પટેલ, શેતલ પટેલ, ગોવિંદભાઈ પટેલ, જયંતિ પટેલ હાજર રહ્યા હતા. ઉદઘોષક ગોવિંદભાઈ પટેલ, અલ્પેશ પટેલે સફળ સંચાલન કર્યું હતું. સમિતિના મંત્રી પ્રશાંત પટેલ આભાર વ્યક્ત કર્યો હતો.

# નવસારીના સુરખાઈ ગામમાં સૌપ્રથમવાર ઐતિહાસિક ટ્રાઈબલ ટ્રેડ ફેર યોજાશે

**સમસ્ત** આદિવાસી સમાજ, ગુજરાત રાજ્ય આયોજીત વ્યાપાર મેળામાં નવયુવાઓના કૌશલ્ય, કુનેહ અને કલાઓ માટે 240થી વધુ સ્ટોલ ઉભા કરાયા

**વિવિધ** આદિવાસી પારંપારિક નૃત્ય સહિત કલાઓ નિહાળવા અંદાજીત 50 હજારથી વધુ લોકો સહભાગી થશે



નવસારી : આદિવાસી રાષ્ટ્રીય વ્યાપાર મેળો આગામી 8મી નવેમ્બરથી 10મી નવેમ્બર દરમિયાન ચીખલી તાલુકાના સુરખાઈ ગામે યોજનાર છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય-આદિવાસી નવ યુવાનોને સરકારની જુદી જુદી યોજનાઓથી માહિતગાર કરી, ઉદ્યોગ/ધંધા માટે પ્રેરણા આપવાનો છે. જેનો પ્રારંભ આગામી 8મી નવેમ્બરના રોજ સવારે 10 વાગે આદિજાતિ વિભાગના મંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે કરવામાં આવશે. સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડો.પ્રદીપ ગરાસિયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તડામાર તૈયારી થઈ રહી છે. અંદાજીત એક લાખથી વધુ લોકો ટ્રેડફેરમાં ભાગીદાર બનશે. આ કાર્યક્રમમાં સરકારના વિવિધ એકમો દ્વારા માર્ગદર્શન માટે ખેતીવાડી, બાગાયતી પ્રાકૃતિક ખેતી, જિલ્લા ઉધોગ કેન્દ્ર, આદિજાતિ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, ટ્રાઈફેડ, બેન્કના બોર્ડ વિગેરે એકમોના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેનાર છે. આ ટ્રાયબલ ટ્રેડ ફેરમાં 50,000 થી વધુ લોકો ઉપસ્થિત રહેશે તથા આયોજકો દ્વારા 240થી વધુ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે વિવિધ સંસ્કૃતિને આધીન ઘેરીયા નૃત્ય, માદળનૃત્ય, તારપા નૃત્ય, કાહળી, તુર તેમજ ડાંગી નૃત્ય પણ જોવા મળશે.

આગામી 9મી નવેમ્બરે મેળામાં કાર્યક્રમના બીજા દિવસના અધ્યક્ષ મંત્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા ખુલ્લું મુકવામાં આવનાર છે અને તેમની સાથે કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વસુધરા ડેરીના ચેરમેન ગમનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે. અને બપોરે વિવિધ ધંધા-ઉદ્યોગમાં સફળ થયેલા વ્યક્તિ દ્વારા સેમિનાર સાથે માર્ગદર્શન આપવામાં આવશે. તથા સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવેલો છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખેડબ્રહ્મા ધારાસભ્ય તુષારભાઈ ચૌધરી, વાંસદા ધારાસભ્ય અનંતભાઈ પટેલ અને સંગઠનના પ્રમુખ બાબુભાઈ ગાંગુડા તેમજ ભરતભાઈ નાયકા અને રાજુભાઈ વલવાઈ ઉપસ્થિત રહી કાર્યક્રમને નિહાળનાર છે.

આગામી 10મી નવેમ્બરે રાષ્ટ્રીય આદિવાસી વ્યાપાર મેળો સુમુલ ડેરીના ચેરમેન માનસિંગભાઈ પટેલ સાથે એકતા પરિષદના મહાસચિવ અશોકભાઈ ચૌધરી તેમજ ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા, એડ. સુનિલભાઈ ગામીત, ડો.રાજન ભગોરા, વિનય કુવરા પણ ઉપસ્થિત રહેનાર છે. જેમાં શૈક્ષણિક, વ્યાપાર-ધંધા અને આર્થિક, સામાજીક સાથે મહિલાના ઉત્થાન માટે ચર્ચા-પરામર્શ કરી કાર્યક્રમનું સમાપન કરાશે.

### મટવાડ પાસે ઉભેલી ટ્રકમાં બાઈક અથડાતા સુરતના યુવાનને ઈજા

નવસારી : નેશનલ હાઈવે નં. 48 ઉપર મટવાડ ગામ પાસે ઉભેલા ટ્રકમાં બાઈક અથડાતા સુરતના બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનો બનાવ ગણદેવી પોલીસ મથકે નોંધાયો છે. સુરતના ઉધના ડીંડોલી ન્યુ હળપતિવાસમાં જેનીશ અશોકભાઈ કટારીયા (ઉ.વ. 33) તેમના પરિવાર સાથે રહે છે અને સુરત ડીવીજનમાં સેલ્સમેન તરીકે નોકરી કરે છે. ગત રજીએ જેનીશ અને તેમનો પરિવાર સુરતથી ધરમપુર નાનીના ઘરે ગયા હતા. જ્યાંથી જેનીશનો પરિવાર સુરત આવી ગયો હતો. જયારે જેનીશ બાઈક (નં. જીજે-06-કેઈ-0489) લઈને ધરમપુર તેની ઓફિસના કામ અર્થે ગયો હતો. દરમિયાન નેશનલ હાઈવે નં. 48 ઉપર ગણદેવી તાલુકાના મટવાડ ગામ પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે જાહેર રોડ ઉપર પાર્ક કરેલા ટ્રક (નં. એચઆર-38-ડબ્લ્યુ-5258) ની પાછળ જેનીશની બાઈક અથડાઈ ગઈ હતી. જેના કારણે જેનીશને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને 108 એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તેને વધુ સારવારની જરૂરિયાત જણાતા સુરત સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યો હતો. આ બનાવ અંગે જેનીશના પિતા અશોકભાઈએ ગણદેવી પોલીસ મથકે ટ્રક ચાલક અને હરિયાણાના ઉમરા મેવાત સુખપુરીમાં રહેતા એજાજ ફજર મોહમદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ એ.એસ.આઈ. સંદિપભાઈને સોંપી છે.




### ચીખલી એપીએમસીમાં લાભ પાંચમના પવિત્ર દિવસથી ચીકુની હરાજીનો પ્રારંભ

**પ્રતિ** વીસ કિલોના ૧૧૭૬ થી ૧૭૫૧ રૂપિયા ભાવ મળતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઇ

ઘેજ : ચીખલી એપીએમસીમાં લાભ પાંચમના પવિત્ર દિવસથી ચીકુની હરાજીનો પ્રારંભ સાથે પ્રતિ વીસ કિલોગ્રામના ૧૧૭૬ થી ૧૭૫૧ રૂપિયા જેટલો ભાવ મળતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઇ જવા પામી હતી.

ચીખલીની ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિમાં ચેરમેન પરિમલભાઈ દેસાઈ, વાઇસ ચેરમેન જે.ડી.પટેલ, પૂર્વ ચેરમેન કિશોરભાઇ, ડિરેક્ટર ધર્મેશભાઈ, અજય દેસાઈ, સેક્રેટરી ઊર્મિલભાઈ ઉપરાંત મકસુંદ લાકડાવાલા સહિતના કર્મચારીઓ તથા અંકિત પટેલ, નરેન્દ્રભાઈ (મામા) ગુરમીતસિંઘ, અમિતભાઇ, ભરતભાઇ સહિતના વેપારીઓ ખેડૂતોની ઉપસ્થિતિમાં લાભ પાંચમના પવિત્ર દિવસથી ચીકુની હરાજી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં હરાજીના પ્રથમ દિવસે પ્રથમ ક્વોલિટીના પ્રતિ વીસ કિલોગ્રામ ચીકુનો ૧૧૭૬ થી ૧૭૫૧ તેમજ બીજા નંબરની ગુણવત્તામાં રૂપિયા ૨૦૦ થી ૬૦૧ ભાવ પડ્યો હતો.

ચીખલી એપીએમસીમાં પાર દર્શક વહીવટને પગલે ગણદેવી, વાંસદાના તથા વલસાડ જિલ્લાના ખડુતો ચીકુની હરાજી માટે આવે છે. એપીએમસીમાં ગત વર્ષ ૩૪૦૨૦ ક્વિન્ટલ સાથે ચીકુનો ૯.૨૦ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર થયું હતું. વેપારીઓ રાજસ્થાન, દિલ્હી, ઉત્તર પ્રદેશમાં નિકાસ કરે છે. ચીકુની હરાજી દરમ્યાન ચેરમેન પરિમલ દેસાઈએ ખેડૂતોને સારો ભાવ મળવાનો આશાવાદ વ્યક્ત કરી ચીકુ સહિતના પાકોના નાણાં રોકડા જ લઇ જવા અનુરોધ કરી ઉધારના કિસ્સામાં એપીએમસીની કોઈ જવાબદારી રહશે નહી તેમ ઉમેર્યું હતું. હરાજીના પ્રથમ દિવસે એપીએમસીમાં મોટા પ્રમાણમાં ચીકુની આવક થવા પામી હતી.

### દાનહના દૂધની જતી નવસારીની બસને અકસ્માત નડતા ક્લિનરનું મોત

**બસની** બ્રેક ફેઈલ થતાં ઝાડ સાથે અથડાઈ હતી

સેલવાસ : દાનહના દૂધની ફરવા જઈ રહેલા નવસારીના યાત્રિકોની એક ટ્રાવેલ્સ બસને અકસ્માત નડતાં બસના ક્લિનરનું ગંભીર ઈજાને લઈ ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે 6 થી વધુ યાત્રિકોને નાની-મોટી ઈજા પહોંચતા સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મળતી માહિતી મુજબ દાનહના દૂધની તરફ જતા માર્ગ ઉપર કરચોંડ પાસે એક ટર્નિંગ પર ટ્રાવેલ્સની બસની બ્રેક ફેઈલ થતા નજીકમાં આવેલા એક ઝાડ સાથે અથડાઈ હતી. દરમિયાન બસમાં સવાર ક્લિનર જીવ બચાવવા ચાલુ બસે કૂદી પડ્યો હતો. ત્યારે બસનું ટાયર તેના શરીર પરથી ફરી વળતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. બસમાં સવાર અન્ય યાત્રિઓ પૈકી 6 થઈ વધુ યાત્રિકોને ઈજા પહોંચી હતી. જેઓને સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. નવસારીના 36 યાત્રિકો ભાઈબીજના દિવસે દાનહના હરવા ફરવા લાયક સ્થળ દૂધનીની સહેલગાહે નિકળ્યા હતા. જેમાં બસની બ્રેક ફેઈલ થતાં ચાલકે સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત નડ્યો હતો. આ ઘટનાની જાણ આસપાસના લોકોને થતા મદદ માટે દોડી આવ્યા હતા. પોલીસની ટીમ પણ ઘટના સ્થળે ધસી આવી તપાસ હાથ ધરી હતી.

### વાપીમાં ભીડનો લાભ લઈ મહિલાએ બેગમાંથી ઘરેણાનું પર્સ ચોરી લીધું

**ઘટના** સીસીટીવી કેમેરામાં કેદ થઈ, સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા

વાપી : દિવાળીના તહેવારને લઈ અનેક ગૃહિણીઓ ખરીદી કરવા માટે નીકળતી હોય છે. વાપી ટાઉનમાં પણ એક મહિલા જ્વેલર્સની દુકાને પહોંચી ઘરેણાંની ખરીદી કરી રહી હતી અને તેણે એક બેગમાં ઘરેણાં મૂક્યા હતાં. જે બાદ આ મહિલા અન્ય દુકાન ઉપર કંઈક ખરીદી કરવા માટે પહોંચી હતી. દરમિયાન આ દુકાનમાં ભારે ભીડ હોય જેનો લાભ કોઈ મહિલા તસ્કરે લીધો હતો અને બેગમાંથી ઘરેણાંનું પર્સ ચોરી લીધું હતું. આ બધી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી અને તે સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

મળતી વિગત અનુસાર, વાપી ટાઉનમાં અનેક કપડા સહિત જ્વેલર્સની દુકાનો આવેલી છે. દિવાળી તહેવાર હોય અનેક લોકો ખરીદી અર્થે આવતા હોય છે. વાપી બજારમાં એક મહિલા જ્વેલર્સને ત્યાંથી કંઈક દાગીનાની ખરીદી કરી બહાર નીકળ્યા હતા અને તેઓ ઈબ્રાહિમ માર્કેટમાં આવેલી અન્ય દુકાને ખરીદી માટે પહોંચ્યા હતાં. અહીં ઘરાકી વધુ હોય જે ભીડનો લાભ લઈ પાછળ ઉભેલી કેટલીક મહિલા પૈકી એક મહિલાએ બેગમાંથી પર્સ ચોરી કરી લીધું હતું. આ પર્સમાં દાગીના હોવાની ચર્ચાઓ ચાલી હતી. જે મહિલાઓએ હાથફેરો કર્યો હતો તે સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી અને તે ચોરી કરતી મહિલાનો સીસીટીવી ફુટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ચોરી થયા અંગેની હજી સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

### અષ્ટગામ પાસે બે ટ્રક ભટકાતા એક ટ્રક ચાલકનું મોત

નવસારી : નેશનલ હાઈવે નં. 48 ઉપર અષ્ટગામ પાસે ટ્રક પાછળ ટ્રક ભટકાતા પાછળના ટ્રક ચાલકનું મોત નીપજ્યું હતુ. મહારાષ્ટ્રના લાતુરના અને હાલ ભીવંડીના ધર્મવિહાર એપાર્ટમેન્ટની સામે અમીધારા ટાવર અંજુરફાટામાં રહેતા ગોરખનાથ મહાદેવ ગોડસે (ઉ.વ. 44) ટ્રાન્સપોર્ટ સર્વિસનો ધંધો કરે છે. ગોરખનાથભાઈની ટ્રક (નં. એમએચ-04-એલઈ-3294) ના ડ્રાઈવર તરીકે ઈરફાન રિયાસત ખાન (ઉ.વ. 30) ડ્રાઈવિંગ કરે છે. ગત 28મી ઓક્ટોબરે ઈરફાન ટ્રક (નં. એમએચ-04-એલઈ-3294) ભીવંડીથી લઈને અમદાવાદ જવા માટે નીકળ્યો હતો. જ્યાંથી ગત 30મી ઓક્ટોબરે ઈરફાન અમદાવાદથી માલ ભરી ભીવંડી આવવા માટે નીકળ્યો હતો. દરમિયાન અષ્ટગામ સડક ફળીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે આગળ ચાલતા ટ્રક (નં. એનએલ-01-ક્યુ-8888) ના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવતા ઈરફાનનો ટ્રક આગળ ચાલતા ટ્રક સાથે અથડાયા હતા. જેના કારણે ઈરફાનને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં તેમને વધુ સારવારની જરૂરિયાત જણાતા સુરત સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યા હતા. પરંતુ ત્યાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન ઈરફાનનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ગોરખનાથભાઈએ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. એન.એ. પટેલે હાથ ધરી છે.







